For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

HEATWAVE ALERT

સુરત કચ્છ, સુરેન્દ્રનગરમાં 45.5 ત્રણ દિવસ 'ઓરેન્જ એલર્ટ'

ગરમ અને ભેજવાળા પવનોને કારણે સુરત, અમદાવાદ અને વડોદરામાં લોકો બફારાથી શેકાઇ જશે, કામ વગર ગરમીમાં બહાર જવું નહીં

રાહતની વાત એ છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે સ્થિતિ સાનુકૂળ બની રહી છે, ચાલુ સપ્તાહમાં આંદામાન ખાતે ચોમાસાની શરૂઆતની સંભાવના

અમદાવાદ: ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. આજે સુરેન્દ્રનગરમાં રાજ્યનું સૌથી વધુ 45.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં 41 થી 45 ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન ...અનુસંધાન પાના 5 પર

ત્રણ દિવસ સુધી હીટવેવ, બાદમાં તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજકોટ અને ડીસામાં 43 ડિગ્રી, ભાવનગર, ભુજ અને સુરતમાં 42 ડિગ્રી, કેશોદમાં 41 ડિગ્રી, મહુવામાં 38 ડિગ્રી, દમણમાં 38 ડિગ્રી, કંડલા પોર્ટમાં 39 ડિગ્રી તેમજ પોરબંદરમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, કેશોદ, કંડલા એરપોર્ટ અને દીવ વિસ્તારમાં ...અનુસંધાન પાના 5 પર

સુરતમાં સતત બીજા દિવસે તાપમાનનો પારો 42.2 ડિગ્રીએ

જનજીવન પ્રભાવિત, 6 કિ.મી.ની ઝડપે પવન ફુંકાતાં થોડી રાહત, રસ્તાઓ સુમસામ બન્યા

સુરત: સુરત શહેર સહિત સમગ્ર ગુજરાતમાં ઉનાળાએ આકરો મિજાજ ધારણ કર્યો છે. શહેરમાં સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સવારથી જ કડકડતી ધુપ અને બપોરે ગરમ પવનોના કારણે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે હવામાં ૪૮ ટકા ભેજ અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ૬ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધુ વધી શકે છે. અનેક શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બપોરના સમયે તીવ્ર હીટવેવ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે, જેના કારણે લોકોના આરોગ્ય પર ગંભીર અસર થવાની ભીતિ છે. વિશેષ કરીને દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત ...અનુસંધાન પાના 5 પર

બપોરે ૧૨થી ૪ દરમિયાન બહાર ન નીકળવાની સલાહ

હવામાન વિભાગની ચેતવણીને પગલે આરોગ્ય વિભાગ પણ સક્રિય બન્યું છે. લોકોને બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી બિનજરૂરી બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બીમાર વ્યક્તિઓને વિશેષ સાવચેતી ...અનુસંધાન પાના 5 પર

ભૂતકાળમાં ક્યારેય દેખાયો નથી ત્યારે હાલમાં દેખાયાની ચર્ચાથી આશ્ચર્ય

દ.ગુ.માં પ્રથમ વખત કડોદમાં સિંહ દેખાયો, પાંજરું ગોઠવાયું

ગોડાખાડી વિસ્તારમાંથી મજૂર પસાર થતો હતો ત્યારે સામે સિંહ આવી ગયો

સિંહ ફરતો હોવાની જાણ થતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ

કડોદ: કડોદ નજીક આવેલી ગોડાખાડી ખાતેથી પસાર થતી વેળા એક મજૂરની સામે એકાએક સિંહ આવી ગયો હતો. યુવાને જંગલમાં દોટ મુકતાં બચી ગયો હતો. આ બનાવની જાણ થતાં જ ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગે ઘટના સ્થળે ધસી જઈ

(તસવીર: કેતન પટેલ)

પાંજરું ગોઠવ્યું હતું. એ સાથે એ પુષ્ટિ કરવાની કોશિશ કરી છે કે ખરેખર સિંહ છે કે કેમ? હાલ તો સિંહ ફરતો હોવાની જાણ થતા જ ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા ...અનુસંધાન પાના 5 પર

સ્થાનિકોના સિંહ હોવાના દાવા અંગે તપાસ શરૂ, ગ્રામજનોને સતર્ક રહેવા વન વિભાગની સૂચના

વન વિભાગના અધિકારી જતીન રાઠોડે જણાવ્યું હતું કે, સ્થાનિકો દ્વારા સિંહ હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જે બાબતે સરકાર અને વન વિભાગ દ્વારા યોગ્ય તપાસ હાથ ધરવામાં આવશે. આગામી દિવસોમાં આ મામલે સઘન કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં વન વિભાગ ...અનુસંધાન પાના 5 પર

હાય ગરમી! ચાલુ બાઈકે ખિસ્સામાં મોબાઈલ ફાટતાં સાથળ ચીરાઈ ગઈ

નંદુરબારનો દીપક મનોહર સોનગઢ ઓવર બ્રિજથી પસાર થતો હતો ત્યારે ધડાકા સાથે મોબાઈલ ફાટ્યો, સોનગઢ હોસ્પિ.માં ખસેડાયો

સોનગઢ: સોનગઢમાં આજે એક કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. રાજ્યમાં પડી રહેલી ભીષણ ગરમી હવે માત્ર માનવ શરીર માટે જ નહીં, પરંતુ ઇલેક્ટ્રોનિક ઉપકરણો માટે પણ જોખમી સાબિત થઈ રહી છે. ...અનુસંધાન પાના 5 પર

વાહન ચલાવતી વખતે મોબાઈલને સીધા સૂર્યપ્રકાશમાં ન રાખવો

નિષ્ણાતો આ બાબતે ચેતવણી આપતાં જણાવે છે કે જ્યારે બહારનું તાપમાન 40 ડિગ્રીથી ઉપર જાય છે, ત્યારે મોબાઈલનું પ્રોસેસર અને બેટરી ખૂબ જ ઝડપથી ગરમ થાય છે. જો આવા સમયે હેવી એપ્લિકેશન કે ડેટાનો વપરાશ ચાલુ હોય તો બેટરીના સેલ ફાટવાની ...અનુસંધાન પાના 5 પર

અસહ્ય ગરમીને કારણે સુરતમાં યુવાન ઢળી પડી મોતને ભેટ્યો

મરનાર યુવાન સચિનના પાલીગામનો, હીટસ્ટ્રોક લાગ્યાનું અનુમાન

સુરત: સચિન જીઆઈડીસી પાલીગામ ખાતે અસહ્ય ગરમીને કારણે હીટ સ્ટ્રોકને કારણે ઢળી પડેલા યુવકનું મોત નિપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અનુજ અનિલ શાહ (28 વર્ષ) હાલ સચિન જીઆઈડીસી પાલીગામમાં આવેલ સાંઈભૂપત રો હાઉસમાં પત્ની સાથે રહેતો હતો. તે છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે બપોરે અનુજ ઘરે જમીને નીકળ્યો હતો. દરમિયાન કનસાડ રોડ પર તે અચાનક ઢળી પડ્યો હતો. દરમિયાન સાંજના સમયે તેના પરિચય તેને બેભાન હાલતમાં ઊંચકીને ...અનુસંધાન પાના 5 પર

તાપીમાં ડૂબી ગયેલાને શોધવા જતાં ત્રણ ડૂબ્યા, ચારેયનાં મોત

કાકરાપાર ડેમ નજીક યુવાન ઢોર ચરાવવા ગયો હતો, પાછો ન ફરતાં ત્રણ જણા શોધવા નીકળ્યા ને જીવ ગુમાવ્યો

માંડવી: માંડવીના વાંકલા ગામની સીમમાંથી પસાર થતી તાપી નદીમાં કાકરાપાર ડેમ નજીક ઢોર ચરાવવા ગયેલો એક યુવક નદીમાં ડૂબી જતાં તેની શોધમાં ઊતરેલા ત્રણ યુવાનો પણ પાણીમાં ગરકાવ થતાં ચારેય યુવાનનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી અને શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વાંકલા ગામના સરકણી ફળિયામાં રહેતા કૌશિક જીતેન્દ્ર ચૌધરી ગત તા.૧૧મેના રોજ ઢોર ચરાવવા માટે

(તસવીર: હિતેશ પટેલ)

કાકરાપાર ડેમ વિસ્તારમાં ગયા હતા. દરમિયાન તેઓ તાપી નદીના ઊંડા પાણીમાં ખાબકતા ડૂબી ગયા હતા. યુવક ગુમ થયાની જાણ થતાં તેના ભાઈ સાહિલ જીતેન્દ્ર ચૌધરી તેમજ ગામના અન્ય યુવાનો પ્રવીણ બાલુ ચૌધરી અને ગણેશ નાનસીંગ ચૌધરી શોધખોળ માટે નદીમાં ઊતર્યા હતા. પરંતુ ઊંડા પાણી અને તેજ પ્રવાહને કારણે તેઓ પણ ડૂબી જતાં ચારેયનાં મોત નીપજ્યાં હતાં. ઘટનાની જાણ થતાં માંડવી પોલીસ સ્ટેશન અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. લાંબી શોધખોળ બાદ ચારેયના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ...અનુસંધાન પાના 5 પર

સુરતમાં 50 ટકા પેટ્રોલ પંપ પર સાંજે જ પેટ્રોલ-ડીઝલ ખલાસ!

IOC, BPCL અને HPCL તરફથી શોર્ટ સપ્લાય સામે માંગ વધી; આજે કલેક્ટર સમક્ષ ડીલરો રજૂઆત કરશે

ભાવ વધવાની અપેક્ષાએ જરૂરિયાતની સામે છ ગણું ઓછું પેટ્રોલ સપ્લાય થાય છે: સુરેશ દેસાઈ

સુરત : દક્ષિણ ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની વધતી માંગ વચ્ચે સરકારી પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા શોર્ટ સપ્લાય આપવામાં આવતા સુરત શહેર અને જિલ્લામાં ઈંધણ સંકટ જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના અંદાજે 50 ટકા જેટલા પેટ્રોલ પંપ પર સાંજ પડતા પહેલાં જ પેટ્રોલનો સ્ટોક પૂર્ણ થઈ જતાં અનેક પંપ બંધ કરવાની ફરજ પડી હતી. જેના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં વાહનચાલકોની લાંબી લાઈનો જોવા મળી હતી.



સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), HPCL અને BPCL જેવી સરકારી પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા જરૂરી માત્રામાં સપ્લાય આપવામાં ...અનુસંધાન પાના 5 પર

નાયરાના પંપ પર પેટ્રોલ મોંઘું હોવાથી સરકારી કંપનીના પંપો પર લાઈનો: સુરેશ દેસાઈ

સુરેશ દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે ખાનગી કંપની નાયરાના પેટ્રોલ પંપ પર પેટ્રોલ લિટરે અંદાજે પાંચ રૂપિયા અને ડીઝલ ત્રણ રૂપિયા મોંઘું વેચાતું હોવાથી ગ્રાહકો સરકારી કંપનીઓના પંપ પર વધુ પ્રમાણમાં આવી રહ્યા છે. સસ્તું ઈંધણ મેળવવા માટે ...અનુસંધાન પાના 5 પર

DRIએ દરોડામાં ઓવરવેલ્યુએશન કરી હલકા હીરાની નિકાસ શોધી

સચિનના SEZના નાકલાંગ જ્વેલર્સનું 134 કરોડનું કૌભાંડ

નવસારીના હીરા ઉદ્યોગકાર મોન્ટુ હર્ષદ ગાંધીની ધરપકડ, સુરત કોર્ટમાં રજૂ કરતાં ત્રણ દિવસનાં રિમાન્ડ મંજૂર

5 કરોડના કન્સાઇનમેન્ટને કાગળ પર 134 કરોડ દર્શાવ્યાનો આરોપ, 1100 કરોડની જ્વેલરી DRI એ જપ્ત કરી

સુરત: સચિન સ્થિત સુરત સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં આચરાયેલા ડાયમંડ ઓવર વેલ્યુએશન કાંડમાં ડીઆરઆઈ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસમાં નવસારીના મોન્ટુ હર્ષદભાઈ ગાંધીની ધરપકડ કરી તેના 3 દિવસના રિમાન્ડ લઈ ડીઆરઆઈએ વધુ તપાસ હાથ ...અનુસંધાન પાના 5 પર

મંજૂર ક્ષમતા કરતાં ત્રણગણી નિકાસનો આક્ષેપ

DRIના જણાવ્યા અનુસાર કંપનીને માત્ર 8.150 કિલોગ્રામ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા મંજૂર હતી, જ્યારે નાણાકીય વર્ષ-2025-26 દરમિયાન 24 કિલોગ્રામથી વધુ જ્વેલરીની નિકાસ કરવામાં આવી હતી. જેના આધારે SEZ નિયમોનો ભંગ અને અનધિકૃત કામગીરીનો કેસ નોંધવામાં આવ્યો છે. નિર્માણ મૂલ્યમાં કૃત્રિમ વધારો કરીને સરકારી સબસિડી અને નાણાકીય લાભ મેળવવાનો હેતુ હતો. ડીઆરઆઈના તારણો અનુસાર, આરોપીએ સુરત સેઝમાં અનેક કંપનીઓ ચલાવવા માટે ડમી ભાગીદારોનો ઉપયોગ કર્યો હતો. પૂછપરછ દરમિયાન આવા એક ભાગીદારે સ્વીકાર્યું કે તે ફક્ત નામનો ભાગીદાર હતો જ્યારે ગાંધી તમામ નાણાકીય વ્યવહારો અને વિદેશી વ્યવહારો સંભાળતા હતા.

20 શિપિંગ બિલમાં 134 કરોડનું FOB મૂલ્ય દર્શાવાયું!

28 જાન્યુઆરી-2026ના રોજ DRIએ પંચનામું કરી સચિન સ્થિત સુરત SEZના સ્ટ્રોંગ રૂમમાં રાખેલા જીવંત નિકાસ કન્સાઇનમેન્ટની તપાસ હાથ ધરી હતી. 20 શિપિંગ બિલ હેઠળ "92.5 ટકા ...અનુસંધાન પાના 5 પર

ડાયમંડ હવાલા કૌભાંડનો આંકડો 2000 કરોડ પર પહોંચવાની શંકા

સુરતના સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ)માંથી કાર્યરત ડાયમંડ જેવી મેન્યુફેક્ચરી યુનિટ મેસર્સ શ્રી નાકલાંગ જ્વેલર્સમાં તપાસ દરમિયાન 2,000 કરોડના હવાલા અને નિકાસ છેતરપિંડી રેકેટનો ...અનુસંધાન પાના 5 પર

ફરી NEETની જાહેરાતે વિદ્યાર્થીનાં વેકેશન બગાડ્યાં

સુરતમાં 10 હજારથી વધુ વિદ્યાર્થી ફરી NEET આપશે

NEETની પરીક્ષા પૂરી થતાં વિદ્યાર્થીઓએ ફરવાના પ્લાન બનાવ્યા હતા, કેટલાક પરિવારો હાલમાં પ્રવાસમાં છે

વિદ્યાર્થીઓએ રજા માણવાને બદલે હવે ફરી ભણવા બેસવું પડશે

સુરત: દેશભરની સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET-UG 2026 હવે ફરીથી લેવાશે. 3 મેના રોજ લેવાયેલી પરીક્ષા પેપર લીક કૌભાંડને કારણે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા રદ કરવામાં આવતા લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા ફેલાઈ છે. સુરત જિલ્લામાં પણ 22 પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપનાર કુલ 10,317 વિદ્યાર્થીઓને હવે ફરી પરીક્ષા આપવાની રહેશે.

NEET-UG 2026 પરીક્ષા દરમિયાન રાજસ્થાનમાં પેપર લીક થયાની વિગતો તપાસમાં બહાર આવતા NTAએ સમગ્ર પરીક્ષા રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. દેશભરમાં 20 લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી ...અનુસંધાન પાના 5 પર

હવે વિદ્યાર્થીઓએ શું કરવું? મહત્વની બાબતો

- NEET-UG ફરીથી લેવાશે
- નવી પરીક્ષાની તારીખ ટૂંક સમયમાં જાહેર થશે
- વિદ્યાર્થીઓએ ફરીથી રજિસ્ટ્રેશન કરાવવાનું નથી
- ફરીથી પરીક્ષા ફી ભરવાની નથી
- નવી તારીખ પહેલાં નવી હોલટિકીટ જાહેર થશે
- વિદ્યાર્થીઓએ હાલ કોઈ વધારાની કાર્યવાહી કરવાની નથી

ચાલુ કાપડની ફેક્ટરી વેચવાની છે
મોટી કેનાલ રોડ, પીપોદરા
98252 34491

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

હાર્દિક શ્રધ્ધાંજલિ
અચાનક લીધી વિદાય એ મન હજુ નથી માનતુ. ઉદય એનો અસ્ત આ સત્ય સનાતન છે છતાં કદાચ અમુક મૃત્યુ એવી હોય જે કયારેય વિસરાતા નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સ્વ. રમેશચંદ્ર માણેકલાલ પટેલ
સ્વ.તા.૧૧-૦૫-૨૦૨૬
Desai Enterprise
લિ. દેસાઈ એન્ટરપ્રાઈઝ પરિવાર

લેઉવા પાટીદાર અવસાન
દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈશ્રી ચંપકભાઈ જગુભાઈ પટેલનું તા.૧૦-૦૫-૨૦૨૬ને રવિવારના રોજ અમેરિકા મુકામે દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
(લૌકિક રિવાજ બંધ છે.)
રમેશભાઈ જગુભાઈ પટેલ (ભાઈ) લિ. આ.સૌ.હંસાબેન રમેશભાઈ પટેલ
ગં.સ્વ.સુધાબેન ચંપકભાઈ પટેલ (પત્ની)
ચિમનભાઈ જગુભાઈ પટેલ (ભાઈ) આ.સૌ.સંધ્યાબેન ચીમનભાઈ પટેલ
અજયભાઈ ચંપકભાઈ પટેલ (પુત્ર) આ.સૌ.હેમાલીબેન અજયભાઈ પટેલ
અક્ષયભાઈ ચંપકભાઈ પટેલ (પુત્ર) આ.સૌ.અંજલીબેન અક્ષયભાઈ પટેલ
નીતાબેન નિશાંતભાઈ પટેલ (પુત્રી)
સ્વ.ચંપકભાઈ જગુભાઈ પટેલ
સ્વ.તા.૧૦-૦૫-૨૦૨૬
નિવાસ સ્થાન : ધામદોડ-લુંભા (બારડોલી, રાધા બાગ) તા.બારડોલી, જી.સુરત.
શ્વસુર પક્ષ સ્વ.મગનભાઈ વનમાળીભાઈ પટેલ (ગામ - અંભેટી, તા.પલસાણા)


સ્વ. નરેશભાઈ ચંપકલાલ ગાંધી
સ્મશાન યાત્રા
તા. ૧૩/૦૫/૨૦૨૬ બુધવારે સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન ૧૨, સંગમ સોસાયટી, નુપુર હોસ્પિટલ પાસે, સિટીલાઈટથી રામનાથ ગેલા ઉભરા મુકામે જશે.
-: સદ્‌ગત બેસણું :-
તા.૧૪/૦૫/૨૦૨૬ ગુરૂવારે સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦
સ્થળ:-(BPAH) ભરતીઆ પોલીટેકનીક ઈન એનિમલ હસ્બન્ડરી, ભારતીઆ વિદ્યાસંકુલ,શ્રી સુરત પાંજરા પોળ, દોડકોડ રોડ, સુરત.
લિ. સ્વ. ચંપકલાલ નાનાલાલ ગાંધી પરિવાર
રક્ષાબેન નરેશભાઈ ગાંધી | અરવિંદભાઈ ચંપકલાલ ગાંધી
અભિષેક નરેશભાઈ ગાંધી | મીનાબેન અરવિંદભાઈ ગાંધી
ખુશ્બુ અભિષેક ગાંધી | પ્રીતિ અને મનોજ ગાંધી
ખિયારા અભિષેક ગાંધી | પૂજા અને અલ્પેશ ગાંધી
હેલીના નરેશભાઈ ગાંધી | ચેરીલ અને દીપ ગાંધી
હર્ષિ જનક દીવાવાલા | ધ્રુવી અલ્પેશ ગાંધી
રીશા જનક દીવાવાલા | શૈલી અને મૃગેશ ગાંધી
જેની અને કપિલ ગાંધી
હિયાન અને હેરિક ગાંધી
શ્રી રાજસ્વી પોલિએસ્ટર (ડીકીન્સ ગ્રુપ)

શ્રી રાંદેર લાડુઆ શ્રીમાળી જૈન દુઃખદ અવસાન

સ્વ. મુકુંદચંદ્ર સુંદરલાલ શાહ
સ્વ. તા. ૧૧/૫/૨૦૨૬
અમારા પિતાશ્રી/આપ્તજન
શ્રી મુકુંદચંદ્ર સુંદરલાલ શાહ
તા. ૧૧ મે ૨૦૨૬ સોમવારના રોજ અરિહંત શરણ થયા છે.
સદ્‌ગતનું બેસણું
તા. ૧૩ મે ૨૦૨૬, બુધવાર
સવારે ૧૦ થી બપોરે ૧૨ કલાકે
(ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ), ૧લો માળ, ચોકસી વાડીની બાજુમાં, રાંદેર રોડ, અડાજણ, સુરત
લિ.
સ્વ. માલિનીબેન (મીનાબેન) મુકુંદચંદ્ર શાહ
કૃપેશ મુકુંદચંદ્ર શાહ (પુત્ર) મો. ૯૮૨૫૦૮૯૨૮૭ – આશા કૃપેશ શાહ (પુત્રવધૂ)
મોના સ્નેહલ મોદી (પુત્રી) – સ્નેહલ દિલીપકુમાર મોદી (જમાઈ)
રાગિણીબેન પંકજકુમાર શાહ (બહેન) પંકજકુમાર વલ્લભભાઈ શાહ (બનેવી)
ધ્વનિલ, સાલ્વી, મૈત્રી
સમસ્ત સુંદરલાલ છગનલાલ શાહ પરિવાર
સાસરા પક્ષ : જશવંતલાલ ખૂબચંદ શાહ પરિવાર
નિવાસસ્થાન : એ/૪૦૨, રાજહંસ વ્યુ, સંજીવકુમાર ઓડિટોરિયમ પાસે, પાલ, સુરત